ક્રિમીનલ કેસ નં.૧૫૧૯/૯૯

**<u>આરોપીનું નામઃ મુકેશભાઈ લીલાભાઈ</u>**

**<u>એ.પી.પી.શ્રી અરજી આંકઃ..........લગત હુકમ</u>**

વિધ્વાન એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મે.જિલ્લા મેજીસ્ટ્રેટ,અમદાવાદનો તા.૦૪/૦૭/૨૦૧૯નો પત્ર હુકમ નં.ડીસી/સીટીઝેડ/મેટ્રો કોર્ટ/લોક અદાલત/ડોરમેન્ટ કેસ પરત/૨૦૧૯થી આવેલપત્રને વંચાણે લીધો.સદરપત્રથી જિલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનેઆ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીનેપરવાનગી આપેલી છે.આ કેસ ડોરમેન્ટ કેસ છેઅનેઘણાં લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે. વધુમાં, આ કેસ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય, શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતું ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપૂર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિધ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેચવા સંમતી આપીઆ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરું છું.

**<u>:: હુ ક મ ::</u>**

આથી ક્રિ.પ્રો.કોડ કલમ ૩૨૧ અન્વયે વિધ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

મુદામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧. મુદામાલ દેશી/વિદેશી દારુનો અપીલ સમય પછી નાશ કરવો.
૨. મુદામાલ રોકડ રકમ જપ્ત કરી અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.
૩. પોલીસે કબજે કરેલ મુદામાલ વાહન જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદામાલ વાહન તેના રજીસ્ટર ઓનરને આર.સી.બુકની નકક રજુ કર્યેથી ઓળખની ખાતરી કરી પરત આપવું.
૪. બિનકિંમતી મુદામાલનો અપીલ સમય પછી નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૭/૨૦૧૯
અમદાવાદ

(બી.એચ.ઘાસુરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૭, અમદાવાદ
જજ કોડ નં. જી.જે.૦૦૯૮૩